# <u>બાહ્ય દેખાવ અને અંતરમન</u>

મહત્વનો વિચાર આવે છે કે દેખાવ. દેખાવ એટલે કે મારો જીવનસાથી કેવો લાગે છે? ઊચાઇ, વજન, કલર અને આકર્ષિત કરનાર બાંધો. આમ તો સૌને જ સારાની અને સુંદરતાની જ મહત્વાકાંક્ષા હોય. આજના દેખાડાના સમયમાં સૌને બાહ્યતા પેહલા આકર્ષે છે. તેનું કારણ છે કે આપણને રોજ જ ટીવી પર અને હવે તો સોશિયલ મિડિયામાં સેલેબ્રિટીની સુંદર જીરો ફિગરની આકૃતિઓ બતાવવામાં આવે છે. ખૂબ જ પાવરફૂલ મસલમેન લગભગ નહિવત કપડામાં જાહેરાત કરતાં જોવા મળે છે. પરંતુ જેવુ આપણે જોઈએ છીએ એવું જ અનુસરણ કરવાનો આપનો પ્રયત્ન હોય જ છે કારણ કે તે આપણી ઇન્દ્રિયોને સંતોષે છે. આપણા અહંકારને વધારે પોશે છે.

અત્યારે જે પ્રમાણે આપણે પાશ્ચત્ય (વેસ્ટર્ન) સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છે તો આપને જણાવવા માંગીશ તેઓ પણ કૌટુંબિક ભાવનાને પ્રાધાન્ય આપે છે. અને તેઓ પણ પોતાને પરિવાર અને બાળકોને મહત્વ આપે છે. આપણી સંસ્કૃતિને સમજવાનો જો આપ પ્રયાસ કરશો તો જાણવા મળશે કે આપણે બહારથી અંદર જઇએ છીએ નહીં કે અંદર થી બહાર જઇએ છે. જો એકમેકના અંતરમન મળેલા હશે તો ખુશી બહાર શોધવા નહીં જવી પડે. પરતું માત્ર દેખાવ સાથે લગ્ન કરશો તો થોડા સમયમાં જ આપ ટેવાઇ જશો અને મનમેળ નહીં હોય તો બહાર સુખ શોધવાનો પ્રયત્ન લગ્નજીવન તોડી નાંખશે. માટે જ અંતરમન જાણવાનો પ્રયત્ન કરો.

કદાચ આપને મનમાં વિચાર આવશે કે શું દેખાવને પ્રાધ્યાનય જ ના આપવું. પરંતુ નહીં આપવાનું સૌથી મોટું કારણ હું આપણે જણાવું. આપણી માનસિકતા આપણા ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે હંમેશા તત્પર હોય છે. અને એટલે જ જ્યારે પણ આપણે કોઈ નવી વસ્તુ લાવી છીએ જે આપણી મનગમતી હોય છે તો તે થોડા સમય માટે આનંદ આપે છે. પરંતુ થોડા સમય પછી આપણે બીજી વસ્તુની મહત્વાકાંક્ષા રાખીએ છીએ. જે મેહનતથી આપણે વસ્તુ લાવ્યા હોઈએ છીએ તે આપણાં માટે ગૌણ બની જાય છે. પરંતુ જીવનસાથી કોઈ વસ્તુ નથી. જો આપ દેખાવની મહત્વાકાંક્ષા સાથે લાવશો તો થોડા સમય સુધી આપ એકમેક ને કહેવાયેલ પ્રેમ નજરથી જોશો અને વર્તન કરશો. પરંતુ જેવુ જ આપ તેમનાથી ટેવાઇ જશો તો આપની અપેક્ષા જે સાથીમાંથી મેળવવાની હતી તે પૂરી નહીં થાય અને આપ દુખી થઈ જશો. જો આપ જરા નજર કરશો તો મોટેભાગે છૂટાછેડા લવ મેરેજ કરેલ યુગલો વચ્ચે વધુ જોવા મળે છે. કારણ કે એક ઊભરો હતો તે શમી ગયો.

હવે ઘણા બુદ્ધિજીવીઓ એવું પણ વિચારશે કે જોતાં જ ના ગમે તો વાત કેવી રીતે થાય. અને અહિયાં જ એકમેકને સમજવાની વાતને પૂર્ણવિરામ મૂકવામાં આવે છે. સમજ્યા વિના જ ચાલો બીજા ઘણા વિકલ્પો છે તો તેને શા માટે ના જોઈએ? પરંતુ જો આપ તેના ફોટાને એક મિનિટ માટે બાજુ મૂકીને બીજા ઘણા ગુણો હશે તેને જોવાનો પ્રયત્ન કરો. બીજી માહિતી આસપાસમાંથી મેળવવા કરતાં પ્રત્યક્ષ

વાત કરો. સોશિયલ મિડિયાનો બને ત્યાં સુધી ઉપયોગ ટાળો. કારણ કે તેના પર વધુ મા વધુ કેટલા લોકો લાઇક્સ આપે છે અને ફોલોવર્સ વધે તેની હોડ લાગેલી છે. જ્યાં સુધી તમે રૂબરૂ નથી થતાં ત્યાં સુધી કોઈ નિર્ણય પર ના આવો. નહીં તો તમે એક પૂર્વગ્રહ સાથે મળશો અને પરિણામ ના જ હશે.

ભગવાને દરેકને જ સુંદર બનાવ્યા છે પરંતુ આપણે આપણું જોવાનું માળખું એક બીબા જેવુ ઢાળી દીધું છે. માત્ર ગોરો રંગ, આકર્ષિત બાંધો(હવે તો જીરો ફિગર) અને હેન્ડસમ (મસલમેન) તો હોવો જ જોઈએ. અને પછી જે કોઈ મૂર્તિઓ રોજ જ ટીવી પર આવે છે તેની સાથેની સરખામણી અંતરમનમા થવા લાગે છે. ત્યારે આપણે પોતાને વાસ્તવિક્તાથી દૂર જઈને જોઈએ છે. પરંતુ તે બીબા સિવાય બહારનું વિચારવું જ નથી અને જોવું જ નથી કારણ કે આપણે બીજાને બતાવવા માંગીએ છીએ કે મારુ જીવનસાથી ખૂબ જ સુંદર અને આકર્ષિત છે. ત્યારે આપણે ભૂલી જઇએ છે કે દેખાવ માત્ર ટૂંક સમયનો જ હોય છે. શરીર હંમેશા એવું જ નથી રહેવાનું. દેખાવ બદલાશે પરંતુ સંસ્કાર નહીં બદલાય તે તેવા જ રહશે અને પરસ્પર આપ વૃદ્ધિ કરી શકશો. અને આ બધાથી વિશેષ આપણા સમાજે માત્ર દેખાવની જ પ્રસંશા કરી છે. શું ક્યારે આપે વિચાર્યું છે કે કેમ માત્ર મિસ વર્લ્ડ અથવા મિસ યુનિવર્સ માત્ર સુંદરતાનો જ થયો છે. શા માટે તે કદરૂપતા કહેનાર સભ્ય સમાજ જીવીઓએ સુંદરતાને બધા જ સ્વરૂપમા નથી સ્વીકારી અને તે સ્પર્ધા દરેક વ્યક્તિત્વ માટે નથી સર્જી? શા માટે સુંદરતાને જ પ્રાધાન્ય અને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે? કારણ માનવીનો આડંબર. દેખાવ પ્રત્યેની ઘેલછા.